# ટ્રેક નં. ૩૩ : મુનિરાજ વિષે

* છઠ્ઠે-સાતમે ગુણસ્થાને પ્રચૂર સ્વસંવેદનમાં ઝૂલતા એ મુનિરાજ. આહાહા! મુનિરાજ એટલે તો હાલતા–ચાલતા સિદ્ધ એમ બહેનશ્રી કહે ત્યારે તો રોમાંચ ખડા થઈ જાય છે. તો થઈ જાવ જાગૃત મુનિદશાનું વર્ણન સાંભળવા.

* માંગલિક :

* ભક્તિ : આજ એક જોગીને વનની વાટે દીઠો,
મોરપીંછ, કમંડળ પરિગ્રહ બાહ્ય,
બીજો દેહ પરિગ્રહ જોયો,
અંતર રમઝટ ચાલતી હશે,
બાહ્ય શાંત-શાંત રસ જોયો :....આજ.

*** પ્રશ્ન : મુનિ હમકો દિખે તો વંદન કરના યા નહીં કરના? યે શંકા જો હૈ ઉસકા સમાધાન કરના.**

● ઉત્તર : મિથ્યાદષ્ટિ જો હૈ. વો તો આત્માકો જાનતે હી નહીં હૈ. સ્વ-પરની એકત્વબુદ્ધિ 'યે આત્મા ભિન્ન હૈ, શરીર ભિન્ન હૈ, વિભાવ મેરા સ્વભાવ નહીં'. યે એકત્વબુદ્ધિ મિથ્યાદષ્ટિ કો તો હો રહી હૈ. એકત્વબુદ્ધિ હોવે, (તે સચ્ચા મુનિ નહીં હૈ) સચ્ચા મુનિ તો છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલનેવાલા હૈ. અંતર્મુહૂર્ત, અંતર્મુહૂર્તમેં સ્વાનુભૂતિ હોતી હૈ. યથાર્થ મુનિ હોતે હૈ ઉસકો તો. ઈસકો (મિથ્યાદષ્ટિ મુનિકો) તો સ્વાનુભૂતિ હૈ હી નહીં, ઈસલિયે બહારસે વેષ ધારણ કર લિયા અને વર્તમાનમેં તો પંચ મહાવ્રત આદિ જો શાસ્ત્રમેં કહા ઐસી ક્રિયા ભી વર્તમાનમેં નહીં હૈ. જો શાસ્ત્રમેં આહાર કૈસા લેના? ઐસી ક્રિયાઓ ભી બહારમેં નહીં હૈ અત્યારકે મુનિમેં તો. ચોથે કાલમેં તો દ્રવ્યલિંગી મુનિ તો ક્રિયા સબ પાલતે. સબ કરે તો ભી ભીતરમેં તો એકત્વબુદ્ધિ હો રહી થી, વો શુભભાવમેં સબ એકત્વ. 'શુભભાવસે મેરા કલ્યાણ હો જાયેગા', શુભભાવમેં રુચિ

રહતી હૈ. ઐસા મુનિ હોતા હૈ તો મુનિ તો નહીં હૈ. વાસ્તવિક મુનિકી દશા નહીં તો મુનિ નહીં હૈ. ઔર સમ્યગ્દૃષ્ટિ મુનિ દ્રવ્યલિંગી બહારમેં વેષ ધારણ કર લિયા ઔર સમ્યગ્દર્શન હો ગયા તો સમ્યગ્દર્શન તો હૈ પર મુનિકી દશા નહીં હૈ. ઈસકો મુનિદશા નહીં. બહારમેં વેષ તો હૈ પર મુનિદશા નહીં હૈ, ઈસકો સમ્યગ્દર્શન તો હુઆ હૈ. ઔર બહારમેં કૈસા વ્યવહાર કરના એ તો અપની (સમજદારી હૈ) ઐસા સમજના કે વંદન વ્યવહાર કિસકો હોતા હૈ? જિસકો યથાર્થ ભીતરમેં દશા પ્રગટ હોય ઈસકો વંદન વ્યવહાર હોતા હૈ. સચ્ચા મુનિ તો વો હો સકતે હૈં. ૧.

❀ બહેનશ્રી : કહે કે કોના આશ્રયે મુનિપણું પાળશે? શાસ્ત્રમાં તો કહે છે 'આત્માના આશ્રયે'. પોતે પોતાના આશ્રયે, બીજાના આશ્રયે નહીં. એવો પોતે પોતાના આશ્રય લેવા અંદરમાં જાય. કોઈ પૂછે કે મુનિ નિરાશ્રય થયો હોય તે ક્યાં જાશે? તમે શુભભાવ અને પંચ મહાવ્રત એ કોઈના આશ્રયની ના પાડો તો મુનિઓને શરણ કોનું? પંચ મહાવ્રત અને એ બધું તમે શુભભાવમાં કીધો. તો મુનિઓ કોને આશ્રયે મુનિપણું પાળશે? આ જે બધા વ્રતો ધારણ કર્યા છે મુનિ પોતે પોતાના આશ્રયે. મુનિઓ અશરણ નથી, આશ્રયે છે. પોતે પોતાના આશ્રયે છે. પોતે પોતામાં. ચૈતન્ય ચૈતન્યના આશ્રયે છે. એટલે આચાર્ય કહે છે 'એકવાર તું છૂટો થઈને જો તો ખરો. અંતર્મુહૂર્ત પણ અંતરમાં જઈને જો તો ખરો.' આત્માનો આશ્રય લેતા, બધું છોડતા તેને પહેલા એવું થાય છે કે નિરાશ્રય થઈ જાય તો કોના આશ્રયે જાવું? પોતાના આશ્રય લેતા તેને મુશ્કેલી પડે છે. પોતે પોતાને આશ્રયે મુનિપણું, કોના આશ્રયે મુનિપણું પાળશે? શુભભાવ તો વચ્ચે આવે છે, આશ્રય કોનો?

મુનિપણું તો લીધું, તો એને પંચ મહાવ્રત છે એનો આશ્રય છે? એનો એ આશ્રય નથી. 'હું આત્મા શુદ્ધાત્મા છું' ને પોતે સ્વાનુભૂતિના આશ્રયે મુનિપણું પાળે. ક્ષણે ક્ષણે સ્વાનુભૂતિમાં લીન થાય છે, એ

એનો આશ્રય છે. અંતર્મુહૂર્તે–અંતર્મુહૂર્તે સ્વાનુભૂતિમાં જ મુનિ તો લીન થાય એ એનો આશ્રય છે ને એમાં લીન થાતા થાતા એને વીતરાગ દશા પ્રગટ થાય છે. એટલી બધી એની પરિણતિ સ્વરૂપ તરફ ચાલી ગઈ છે, વિભાવથી એટલી બધી હટી ગઈ છે. વિભાવથી એટલી વિરક્તિ આવી ગઈ છે કે પોતે પોતામાં જ સમાય છે, એવી વિરક્તિ આવી એટલે તો મુનિપણું અંગીકાર કર્યું. એને ગૃહસ્થાશ્રમમાં રહી ન શકે એવી દશા આવી ગઈ એટલે મુનિપણું અંગીકાર કર્યું. પોતે પોતામાં જ લીન થાય છે અંતર્મુહૂર્ત–અંતર્મુહૂર્તે. એવી જાતનું થઈ જાય કે આ ગૃહસ્થાશ્રમમાં રહી નહીં શકાય. એટલી લીનતાની અંદર પરિણતિ વધી જાય છે કે રહી નહીં શકાય. પ્રમત્ત અપ્રમત્ત દશા સાક્ષાત રૂપે એમ ન આવે. પણ એની ભાવના અને પરિણતિ એવી થઈ જાય કે પોતે એમ ઝાઝું બહારમાં, વિકલ્પમાં રહી ન શકાય એવું એને થઈ જાય ત્યારે મુનિપણું અંગીકાર કરે છે. છઠ્ઠું–સાતમું ગુણસ્થાન તો મુનિપણું અંગીકાર કરે ત્યારે આવે છે. સાક્ષાત્ નથી પણ એની ભાવનારૂપે વિરક્તિની પરિણતિરૂપે એવી થઈ જાય છે.

શાસ્ત્રો લખે, બધું લખે તો તોય ક્ષણે ક્ષણે અંતર્મુહૂર્તમાં ચાલ્યો જાય છે. ક્ષણે ક્ષણે અંતરમાં ચાલ્યા જાય છે. નિરાળા થઈ ગયા છે, સ્વાનુભૂતિમાં એની દશા પ્રમાણે થાય છે. પણ મુનિઓ તો ક્ષણે ક્ષણે જાય છે. એમ કરતાં કરતા જ આત્મામાં જે પૂર્ણ જ્ઞાન છે તે પ્રગટ થાય છે. અનંતી આત્માની શક્તિઓ બધી પ્રગટ થાય છે. ભગવાન પોતાની પાસે જ છે. પોતે જ છે ચૈતન્ય ભગવાન. એકત્વબુદ્ધિ નથી ને ભેદજ્ઞાનની ધારા. બસ! તે જ તેનો માર્ગ છે. એકત્વબુદ્ધિ પોતામાં. પરથી વિભક્ત ભેદજ્ઞાનની ધારા, સ્વમાં અભેદ દૃષ્ટિ અને પરથી ભેદજ્ઞાન. એનો માર્ગ ક્ષણે ક્ષણે સહજ છે. ભેદ ધારા વર્તે છે. સ્વાનુભૂતિને પ્રગટ કરીને પછી દૃષ્ટિમાં ગુણનો ભેદ નથી આવતો પણ જ્ઞાનમાં ગુણભેદ, પર્યાયભેદ બધું જાણે છે વસ્તુનું સ્વરૂપ. પરિણતિ દૃષ્ટિના બળે આવી જાય છે. ૨.

✻ પ્રશ્ન : (મુનિ) વિહાર કરે છે ત્યારે એક ભાઈ એમ તરફડીયા ખાય છે અને એમ કહે છે 'બચાવો, બચાવો. મને થોડું પાણી આપો'. હવે તે મુનિ પાસે ઓલું કમંડળ હોય છે ને ઉપકરણ એમાં પાણી હતું તો એમને આપવું યોગ્ય છે કે અયોગ્ય છે, પાણી આપવું જોઈએ કે ન આપવું જોઈએ? વિચિત્ર છે જરા........

● ઉત્તર : ભાવલિંગી મુનિ પોતે બધેથી નિરાળા થઈને સ્વરૂપમાં લીન થઈને વસતા હોય છે. બધી જાતના વિકલ્પ છૂટી ગયા છે. નિરાળા થઈ ગયા છે. બધા કાર્યોથી છૂટી ગયા છે. લૌકિક કાર્યોથી છૂટી ગયા છે. એવા કાર્યમાં એને તે જાતનો વિકલ્પ આવતો નથી. એ બહાર એનો ઉપયોગ પહોંચતો નથી. તે જાતનો કાર્યોમાં તે જોડાતા નથી, છૂટી ગયા છે. યથાર્થ મુનિદશા છઠ્ઠે–સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે. એવા કાર્યોથી છૂટી ગયા છે. એ કાર્યો બધા ગૃહસ્થોના છે. એ કાર્યોથી છૂટી ગયા છે. મુનિપણું–જેણે યથાર્થ મુનિપણું અંગીકાર કર્યું, છઠ્ઠે–સાતમે ગુણણસ્થાને ઝૂલતા, કેવળજ્ઞાનની તળેટી, કેવળજ્ઞાન પૂર્ણ કૃતકૃત્ય દશા પ્રગટવાની તળેટીમાં ઉભા છે. મુનિદશા એટલે છઠ્ઠે–સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિરાજ છે. એ કાર્યોથી–એવા બાહ્ય કાર્યોથી છૂટી ગયા છે. એ જાતનો વિકલ્પ હોતો નથી. નિરાળા થઈ ગયા છે. ૩.

✻ પ્રશ્ન : મુનિઓને આટલો બધો ઉપસર્ગ પડ્યો તો તેમને આમ અંદરથી વિકલ્પો પણ ન આવે કે મને આટલું આમ થયું. ગજસુકુમારને માથે સગડી–એને એમ વિકલ્પ પણ ન આવે?

● ઉત્તર : એને અંદર ભેદજ્ઞાન પ્રગટ થઈ ગયું છે. ભેદજ્ઞાનની સાથે એને ચારિત્ર દશા. એને 'હું જ્ઞાયક જુદો' અને જે વિકલ્પ આવે છે કે આ રાગ અને આ શરીરમાં એને દુઃખ છે એ રાગના વિકલ્પથી એણે આત્માનો જુદો જાણ્યો છે અને એ અંતર્મુહૂર્તે–અંતર્મુહૂર્તે સ્વરૂપમાં લીન થાય છે. એણે જ્ઞાનમાં જાણી લીધું કે આ શરીરમાં ઉપસર્ગ છે અને આ શરીર બળે છે. એમ

સહેજ એને ત્યાં રાગનો વિકલ્પ આવે પણ આત્માને છૂટો પાડી દીધો છે. 'મારો આત્મા જુદો છે, આ વિકલ્પ આવે તે પણ મારાથી જુદો છે. આ શરીરમાં જે થાય તે થાય તે મારા આત્મામાં થાતું નથી.' એવી જાતની પરિણતિ એને દૃઢ છે અને તે ક્ષણે ક્ષણે સ્વરૂપમાં ડૂબકી મારે છે. સ્વરૂપમાં આનંદમાં લીન થાય છે એટલે એને બહારથી ઉપયોગ છૂટી જાય છે. અને અંતરમાં લીન થઈ જાય છે. એટલે બહારથી ઉપસર્ગ આવ્યો પણ એ અંતરમાં છે. બહાર ઉપયોગ આવે તો એ જાણી લે છે કે આ શરીર બળે છે. એ તો એકદમ સમ્યગ્દર્શન તો છે પણ એનાથી આગળ વધી ગયા છે. ચારિત્ર દશા છે. જે ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શન હોય એને ભેદજ્ઞાન તો થયું છે, આત્માને તો જુદો જાણ્યો છે, ન્યારો જાણ્યો છે. એને ગમે તે રોગ આવે ગૃહસ્થાશ્રમમાં તો 'આત્મા જુદો' એમ જાણે, પણ અલ્પ અસ્થિરતા છે. એને રાગના એવા વિકલ્પ આવે કે આ ઠીક નથી. એવી જાતની અસ્થિરતા થાય તોય એ શાંતિ રાખે છે. વિકલ્પ આવે પણ અમુક અસ્થિરતા થાય તોય શાંતિ રાખે છે અને મુનિ તો એથી પણ આગળ વધી ગયા છે. મુનિ તો ચારિત્ર દશા—અંદર લીનતા, ક્ષણે—ક્ષણે સ્વરૂપમાં લીન થાય છે. અને ગૃહસ્થાશ્રમમાં કોઈવાર લીન થાય, બાકી એને ભેદજ્ઞાનની ધારા અને લીનતા છે. સમ્યક્‌દષ્ટિને ભેદજ્ઞાનની ધારા ને લીનતા ચાલુ છે, એટલે એ પણ ન્યારા છે. પણ મુનિ તો વિશેષ છે અંતર્મુહૂર્તે—અંતર્મુહૂર્તે સ્વરૂપમાં ચાલ્યા જાય છે. એટલે આ ઉપસર્ગમાં એને પુરુષાર્થ વધારે વધી ગયો. ગજસુકુમારને અંદર લીનતા થાતા થાતા એવા લીન થઈ ગયા કે પછી બહાર જ ન આવ્યા, કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું. કેવળજ્ઞાન પ્રગટ થયુ ગયું કે પછી આ શરીરમાં શું થાય છે એ ખ્યાલ પણ નથી. ૪.

*** પ્રશ્ન : ઉપસર્ગ થતો ત્યારે પણ કેવળજ્ઞાન થઈ ગયું?**

● ઉત્તર : ઉપસર્ગ હતો. બહારથી શરીર બળતું હતું. પણ અંદર કેવળજ્ઞાન થઈ ગયું. અંદર કેવળજ્ઞાન થઈ ગયું અને આત્મા

મોક્ષે ચાલ્યો ગયો. લીન થાતો થાતો. ૫.

✻ પ્રશ્ન : મુનિને આટલી બધી પુણ્યપ્રકૃતિનો ઉદય હોય?

● ઉત્તર : પુણ્યપ્રકૃતિનો ઉદય અને પુરુષાર્થ. ૬.

✻ પ્રશ્ન : પુણ્ય હોય તો પણ એમને આટલો ઉપસર્ગ આવે છે ને?

● ઉત્તર : પૂર્વ કર્મના કારણે જે ઉદય હોય તે ઉદય આવ્યા વગર રહેતા નથી. મુનિઓ હોય તો એ મુનિઓને પણ ઉદય આવે, તો પણ શાંતિ રાખે છે. અંદરમાં એવો પુરુષાર્થ એણે પ્રગટ કર્યો. કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ઘણા મુનિ શાંતિ રાખે. એને ભાવ હોય તો દેવલોકમાં જાય, ગજસુકુમારને તો કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું. એવા લીન થઈ ગયા કે આ શરીર બળે છે તે પણ ધ્યાન નથી. આત્મામાં એવા ડૂબી ગયા કે કેવળજ્ઞાન થઈ ગયું. ૭.

✻ પ્રશ્ન : એટલો ઉગ્ર પુરુષાર્થ?

● ઉત્તર : એટલો ઉગ્ર પુરુષાર્થ, એટલો પુરુષાર્થ થઈ શકે છે.

✻ પ્રશ્ન : વિચારીએ. મુનિઓ તો આટલા બધા આગળ વધ્યા, ચારિત્ર દશાય છે છતા ઉપસર્ગ આવે ખરા? ગયા ભવના ઉદય આવે?

● ઉત્તર : ગયા ભવના ઉદય તો આવે છે ને! ચોથાકાળમાં પણ આવતા હતા. ૮.

✻ પ્રશ્ન : પુરુષાર્થથી આ કર્મ બળી જાય કે એવું કંઈ?

● ઉત્તર : પુરુષાર્થથી અંદરના કર્મ બળી જાય, પણ આ બહારના કેટલાક તો છૂટી જાય પણ કેટલાક તો ન છૂટે તો ઉદય જ આવે. કેટલાક બહારના જે કર્મ હોય શરીરને આધિન, રોગના, એ બહારના ઉપસર્ગ—કોઈ સિંહ, વાઘના, કોઈ માણસો ઉપસર્ગ કરે એવા કર્મ તો કોઈ છૂટી જાય ને કોઈ નથી પણ છૂટતા. અને અંદરમાં જે પોતે રાગ—દ્વેષ છૂટીને વીતરાગ દશા પ્રગટ કરવી, તે પોતાના હાથની વાત છે. રાગદ્વેષના જે ઉદયો આવે તેને પોતે તોડીને વીતરાગ

દશા કરે, પણ બહારથી જે ઉપસર્ગ આવે તે કોઈકને પલટી જાય અને કોઈકને નથી પણ પલટતા. તીર્થંકર ભગવાન ઋષભદેવ-ભગવાન સર્વોત્કૃષ્ટ ભગવાન—ત્રણ લોકના નાથ જેને ઇન્દ્રો આવીને પૂજા કરતા તેને જન્મ વખતે મેરૂ પર્વત ઉપર લઈ ગયા. પણ જ્યારે એમણે દીક્ષા લીધી ત્યારે તેમને ૧૨ મહિના સુધી આહાર ન મળ્યો. એ આહાર લેવા જાય તો કોઈ આહારની વિધિ જાણતું ન હતું. કોઈ હીરા ને મોતી એવું લઈને આવે છે. તો પાછા જાય છે. આહાર નથી મળતો એવી જાતનો ઉદય ૧૨ મહિના સુધી આવે છે. તો સ્વરૂપમાં લીન થઈ જાય છે. પછી બહાર નીકળે એટલે યોગ ન દેખાય. આહારનો યોગ ન થાય તો પાછા આવીને જંગલમાં આત્મામાં લીન થઈ જાય છે. ૯.

✻ પ્રશ્ન : પછી વિકલ્પ જ ન આવે?

● ઉત્તર : વિકલ્પ પછી ન આવે, સ્વરૂપમાં લીન થાય, પછી વળી વિકલ્પ આવે તો ગામમાં જવા નીકળે છે. એવો યોગ બને છે કે જુગલીયા જાણતા નથી. બધા આવે તો હીરા, મોતી ને એવું લઈને આવે છે આહારને બદલે ને છેવટે શ્રેયાંસકુમારે આહાર દીધો ઋષભ મુનિને. ૧૦.

❀ બહેનશ્રી : શાસ્ત્ર લખે, શાસ્ત્ર વાંચે. તપમાં પણ એવા છે, શાસ્ત્રમાં પણ એવા છે. શુદ્ધ આત્મામાં આનંદ વર્તે છે, એવા છે મુનિરાજ. આ તો ઉગ્ર સાધના છે ને મુનિરાજની. સમ્યગ્દષ્ટિની સાધના ગૃહસ્થાશ્રમમાં હોય છે. પણ એ અમુક પ્રકારે, આ મુનિરાજની સાધના ઉગ્ર પ્રકારે. સમ્યગ્દર્શન હોય ને ન્યારા રહે. ગૃહસ્થાશ્રમમાં પણ અમુક જાતની પ્રવૃત્તિ હોય છે એની ભૂમિકા પ્રમાણે—શાસ્ત્ર સ્વાધ્યાય, જ્ઞાનધ્યાન એવું હોય છે. પૂજા, ભક્તિ એવું હોય છે. સમ્યગ્દર્શનના આઠ અંગ હોય છે. એ બધું હોય છે સમ્યગ્દષ્ટિને. ૧૧.

❀ બહેનશ્રી : આચાર્યદેવ કહે છે ને! અન્નનો પરિગ્રહ નથી, જેમને પાણીનો પરિગ્રહ નથી. જેમનું અંતર બધાથી જુદું છે, અન્ન ને પાણીથી જુદું પછી આ શરીરથી આ જુદું છે. ૧૨.

❀ બહેનશ્રી : નાની ઉંમરમાં મુનિ થઈ જાય છે. શ્રેણિક રાજા જુએ છે કે આટલી નાની ઉંમરમાં કેમ મુનિ થઈ ગયા? મુનિ કહે છે કે 'સંસારમાં મને કાંઈક રોગ આવ્યો છે. મને કંઈ સારભૂત ન લાગ્યું. એક શરણભૂત આત્મા લાગ્યો એટલે મુનિ થયો.' શ્રેણિક રાજા કહે છે કે 'હું તમારો સાથ આપું, હું તમારો નાથ થાઉં. અરે રાજા! તું અનાથ છે તું મારો નાથ શું થશે?' શ્રેણિક રાજાને થયું કે મેં ભૂલ કરી એમ દૃષ્ટાંત આવે છે. ઓલા બે છોકરાના દૃષ્ટાંત નહોતા આપતા. એ પણ આમાં આવે છે. 'અજેય ધમ્મો પરિજ્યામિ' આ જ ધર્મ અંગીકાર કરું છું. એકાંતે મુનિ થાય છે. એ ક્ષણમાં પલટો ખાતા વાર પણ ન લાગે. ક્ષણમાં પલટો ખાઈ જાય. આગળ પાછળનો કાંઈ વિચારે જ નહીં; ઘરે માબાપને પુછવાય ન જાય, ક્યાંય નહીં. એમ ને એમ ચાલી નીકળે. મા શું કહેશે? સમ્યગ્દર્શનપૂર્વકનું ચારિત્ર—એવું કાંઈ નહીં. બધું ભેગું. સમ્યક્‌-દર્શનપૂર્વકનું ચારિત્ર એમ ને એમ બધું. ક્રિયાકાંડનું નહીં. ૧૩.

❀ બહેનશ્રી : ભગવતી આરાધનામાં આવે છે કે મુનિ એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય, એને પૂછે તમે કોના વાસમાં કેટલો ટાઈમ રહ્યા હતા? ક્યાં હતા? કોના વાસમાં હતા? ગુરુના સાનિધ્યમાં ક્યાં રહ્યા? એવું બધું પૂછીને નક્કી કરીને સંથારો કરવા જાય છે ને? એ વાત આખી જુદી—સંથારાની. પણ એવું બધું. કોણ તમારા ગુરુ? કેટલો વાસ ગુરુના સાન્નિધ્યમાં રહ્યા છો? કોના સાન્નિધ્યમાં રહ્યા છો? એકલ વિહારી હતા તો ક્યા કારણે હતા? એમ. સંઘમાં હોય એની કાંઈ પાત્રતા જુદી હોય, ઓલા એકલા હતા તે ક્યા કારણે? એટલે અનેક ગુરુના સાનિધ્યમાં જીવન વ્યતીત થયું કે? (આવી પાત્રતા હોય.) ૧૪.

ભક્તિ : ગ્રીષ્મ ઋતુ શિખર કે ઉપર, વો તો મગ્ન રહે ધ્યાનનમેં,
ચાતુર્માસ તરૂતલ ઠાડે, ગુરુ બુંદ સહે છિન છિનમેં,
શીત માસ દરિયા કે કિનારે, મુનિ ધીર ધરે ધ્યાનનમેં,
ઐસે મુનિવર દેખે વનમેં, જાકે રાગદ્વેષ નહીં તનમેં.

❀ બહેનશ્રી : ઘોર અંધારામાં હોય, વિજળી થતી હોય, ચારેકોર વરસાદ વરસતા હોય, કોઈ ગુફા હોય તો ગુફામાં જાય, પાછો ઝાડની ઘટાટોપ એવા ચોથા કાળમાં તો હોય ને? એના નીચે બેઠો હોય. ૧૫.

✻ પ્રશ્ન : કોનો આશ્રય?

● ઉત્તર : કાંઈ નહીં. એક આત્માનો આશ્રય. દ્રવ્યનો આશ્રય, તડકા હોય તો ધોમ-તડકાની અંદર શિખરની ઉપર તપતો હોય, પથરા તપતા હોય. એની ઉપર માથે સૂર્ય તપતો ત્યાં બેઠા હોય, અને ચોમાસામાં વરસાદ વરસતા હોય, પાણી તો સચેત છે, એટલે તો ક્યાંય ઘટાટોપ ઝાડ હોય ત્યાં પાણી ન પડે એવી રીતે બેઠા હોય કાં કોઈ ગુફામાં બેઠા હોય. ૧૬.

✻ પ્રશ્ન : અંદરનો આશ્રય?

● ઉત્તર : બધો આશ્રય છોડી દીધો છે. કોઈ ઘરનો, કોઈ બહારનો, કોઈ પુત્રનો, કાંઈ નહીં સાથે, એકલા જંગલમાં આત્માની સાધના કરવા નીકળ્યા છે. શિયાળામાં કડકડતી ઠંડી હોય, માણસો ધ્રૂજતા હોય. કપડા પહેરે તોય ધ્રૂજે તેવી ઠંડીમાં મુનિરાજ જંગલમાં, એવા પર્વતોમાં, પહાડમાં, નદી, તળાવો, ઠંડા પવન ને એમાં ઠંડી કડકડતી લાગે એમાં બેઠા હોય છે. આત્માની સાધના, બહારની કાંઈ અસર નથી થાતી. અંતરમાં ક્યાંય ઉતરી જાય છે. ઉંડા ઉંડા ચૈતન્ય પ્રદેશમાં ચાલ્યા જાય છે. બહારનું કાંઈ ધ્યાન રહેતું નથી. એમ ટાઢ કે તડકો કે વરસાદ કે કાંઈ અસર નથી. અંદર ચૈતન્ય પ્રદેશો એટલે ચૈતન્ય ઘરમાં છે. ૧૭.

✻ પ્રશ્ન : કેવું ઉંડું ઉંડુ ચૈતન્યનું ઘર?

● ઉત્તર : ક્ષણે ક્ષણે અંદરમાં, ક્ષણે ક્ષણે બહાર એવી ચૈતન્યની વિભૂતિ જેના હાથમાં આવી ગઈ છે. અમારે કાંઈ જોઈતું નથી આ બહારનું, આ ટાઢ કે તડકો કે કાંઈ હોય તો અમારે પરવા નથી. શરીરનું શું થાય? એની યે પરવા નથી. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો' વાઘ-સિંહ મળે પણ તે પોતાના 'અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતાં' આસન અડોલ ને મનમાં ક્ષોભ નહીં. જાણે મને મારો કોઈ મિત્ર મળ્યો હોય એવી દશામાં હોય એમ કરતાં કરતા કોઈ મુનિઓ શ્રેણી ચડી જાય. ૧૮.

ભક્તિ :	એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.

❀ બહેનશ્રી : જ્ઞાનની જાણન ક્રિયા પ્રગટ થાય અને આ ક્રોધાદિ ક્રિયા, એ જાણનક્રિયા, એ બધાથી ભેદજ્ઞાન વર્તે છે. વિજ્ઞાનઘન થતો જાય તેમ બહારનો આશ્રય ઘટતો જાય. એટલે કે એનું નામ કે વિજ્ઞાનઘન જેમ ઘટ્ટ થતું જાય, ક્રોધ ઉપરનો આસ્રવ છે તે પણ ઘટતો જાય વિજ્ઞાનઘન જેમાં વિશેષ વધતો જાય, વિજ્ઞાનઘન થતો જાય. ૧૯.

✻ પ્રશ્ન : પોતાનામાં ઘન થતો જાય અને બહારના આશ્રવ છૂટતા જાય?

● ઉત્તર : કોઈને એકદમ અંતર્મુહૂર્તમાં બધું છૂટી જાય, કોઈનું ક્રમે ક્રમે. ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે–સાતમે ક્રમક્રમ થાય છે. કોઈ સમશ્રેણી માંડે છે. ચોથે ગુણસ્થાને કેટલા વર્ષો પછી પાંચમે આવે, છઠ્ઠે–સાતમે મુનિ થાય. કોઈ તરત જ શ્રેણી માંડે અને કોઈ અમુક કાળે માંડે બધા મુક્તિના માર્ગે જ છે, મુક્તિના પંથે. ચૈતન્યના

કામી છે. કર્મના ભુક્કા કરે એમ નહીં. કુદરતી તેના (કર્મના) ભુક્કા થઈ જાય છે. પોતામાં ચૈતન્યચક્ર, ચૈતન્યનું પરિણમન ચૈતન્ય તરફ જાય છે. વિભાવનું પરિણમન વિભાવ તરફ, વિભાવ છૂટતો જાય છે. વિભાવનું ચક્ર છૂટતું જાય છે. ઢીલું પડતું જાય છે. વિષય ઢીલો પડતો જાય છે. છઠ્ઠે–સાતમે ગુણસ્થાને પરિણમે ત્યારે ચૈતન્ય તરફનું પરિણમન–ચૈતન્ય ચક્ર એકદમ વધી ગયુ છે. વિભાવનું ચક્ર એકદમ ઢીલું પડી ગયું છે. સંજ્વલન માત્ર છે પણ મુનિરાજને એટલુંય પાલવતું નથી. પોતે પોતામાં ક્યારે અંતરમાં એકદમ સમાઈ જાય, એવી ભાવના છે એટલે પાલવતું નથી. ૨૦.

✻ પ્રશ્ન : ઉપસર્ગ આવે તો કેવાં આવે?

● ઉત્તર : ઉપસર્ગ આવે તો કેવાય આવે. વિભાવનો આટલો અંશ છે, પણ વિભાવ છે. મુનિરાજ એનાથી છૂટ્ટો ચૈતન્યમાં જવા માંગે, ચૈતન્યમાં રહેવા માંગે છે. દૃષ્ટિથી તો થંભી ગયા છે પણ ચારિત્ર–લીનતાથી પણ એમાં થંભવા માંડ્યા છે. લીનતા તો ઘણી વધી ગઈ છે. હાલતા ચાલતા આમ નિંદ્રા. તે નિદ્રા છૂટી ગઈ છે. અલ્પ નિંદ્રા કેવળ પોણી સેકંડ. અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે અંતરમાં જાય છે. અંતર્મુહૂર્તે બહાર આવે છે. એટલુંય નથી પાલવતું. ૨૧.

✻ પ્રશ્ન : થઈ ગયું હોય ઘણું, પણ એક ચીજ બાકી હોય એ પણ નથી પાલવતું?

● ઉત્તર : બાકી હોય તે પણ નથી પાલવતું. ક્ષણે ક્ષણે અંતરમાં જાય. એમ કરતા કરતા શ્રેણી માંડે. ૨૨.

✻ પ્રશ્ન : ચૈતન્ય જેવો છે એવો છે.

● ઉત્તર : આસન ચૈતન્યમાં રહેવું. ચૈતન્યમાં. બધું ચૈતન્યમાં. તૃપ્તિ ચૈતન્યમાં. ભોજન ચૈતન્યમાં. જ્ઞાન જાણે. બધું ચૈતન્યને ચૈતન્યમાં. ૨૩.

✻ પ્રશ્ન : અંજના જંગલમાં છે કે પોતાનામાં છે?

● ઉત્તર : ધર્મી ધર્મ છોડતા નથી પોતે જંગલમાં છે પણ. પોતે

પોતાની ધારામાં—ચૈતન્યની ધારામાં અડગ છે. સિંહનાદ અટવીમાં ઊભા છે. (છતાં પણ) ૨૪.

✻ પ્રશ્ન : કેવું છે? ધર્મ કેવો એ વખતે પોતાને (અંજનાને) મુખ્ય આગળ રહે છે. એવા જંગલમાં?

● ઉત્તર : એવું ય બની જાય. ૨૫.

✻ પ્રશ્ન : આમ દેવો હરણ કરી જાય, ક્યાં જંગલમાં મુકી દે, અંજનાને અહીંથી અહીં અને અહીંથી અહીં?

● ઉત્તર : મુનિરાજ મળે, મુનિરાજો જંગલમાં ફરતા હોય. મુનિરાજ મળ્યા અંજનાને જુઓને. મારા ઘરના કોઈ મળે એવું લાગે. મુનિરાજ મળે તો એવું લાગે. ૨૬.

✻ પ્રશ્ન : છતાં એમાં બધે?

● ઉત્તર : બધે બહારનો જોગ એવો બને, પાછો પુણ્યનો એવો, પાપનો એવો બને, સાધના પણ એવી કરે પાછી. ૨૭.

❀ બહેનશ્રી : પર્યાય એને પ્રગટ થાય છે એની જતના કરીને એની વિશેષ વૃદ્ધિ કરી શુદ્ધ પર્યાયો પ્રગટ કરી. છઠ્ઠે—સાતમે ગુણસ્થાને ઝૂલે છે. શુદ્ધિની પરાકાષ્ટા કરતા જાય. નિદ્રા એક ક્ષણની નિદ્રા. નિરંતર આહાર પણ નથી, કાંઈ નથી, બસ! એક આત્મામાં રહેવાનું છે. બીજું કાંઈ નથી. શુભભાવ આવે તોય તે શ્રુતનું ચિંતવન કરે, કોઈ મુનિ શાસ્ત્ર લખે છે. બીજું કાંઈ નથી. લખે તો આટલું જ લખવું તેવો નિયમ નથી. જે વિકલ્પ આવે તે ગાથાઓ લખે, વળી તાડપત્ર ત્યાં મુકી દે, વળી જંગલમાં ફરે, વળી યાદ આવે તે લખે. તાડપત્ર ભેગા કરે. વળી યાદ આવે. ૨૮.

✻ પ્રશ્ન : એ મુનિ તાડપત્ર ઉપર લખે તે ત્યાં રહી પણ જાય?

● ઉત્તર : એ રહી પણ જાય. બધાએ તાડપત્ર ઉપર જ લખેલું છે. તાડપત્ર કોઈ શ્રાવકોએ લઈ લીધા હશે સાચવીને. ત્યારે એ બધા હાથમાં આવે. અમૃતચંદ્રાચાર્ય વગેરે બધા તાડપત્ર ઉપર લખે. ૨૯.

✻ પ્રશ્ન : મુનિઓના ભાગ્ય કેવા હશે?

● ઉત્તર : જંગલમાં તો વાઘ, વરૂ બધા હોય. મુનિઓને તે શાસ્ત્રની રક્ષા ન રહે. એક ઠેકાણે એવી જગ્યાએ મુકી દે. પણ કુદરતના યોગે, શાસ્ત્ર કોઈના હાથમાં આવે, ક્યાંક કોઈ ગુફામાં મૂકી દે, ક્યાં? કોઈ, ક્યાંક મૂકી દે. કોઈના હાથમાં આવી જાય. શ્રાવકો ધ્યાન રાખતા હોય છે. મુનિઓ ક્યાં ફરે છે? શું કરે છે? શાસ્ત્ર લખે છે? શ્રાવકોને ખ્યાલ આવી જાય છે. ૩૦.

❀ બહેનશ્રી : શરીર જુદુ, વેદના પણ જુદી છે. આત્મામાં ક્યા વેદના છે? આત્મા તો જ્ઞાયક છે. આત્મામાં વેદના નથી. જાણનારો છે. આનંદથી ભરેલો, જ્ઞાનથી ભરેલો, અનંત ગુણથી ભરેલો ચૈતન્ય અત્યંત શદ્ધ છે. તો પોતે એમાં જોડાય, બહાર લક્ષ કરે, રાગ થાય એને લઈને એને વેદના દેખાય છે. બાકી વેદનાથી જુદો છે આત્મા. મુનિવરો જંગલમાં હોય એને કેવા રોગ હોય, એ તો ક્ષણે ક્ષણે આત્મામાં ઝૂલતા હોય છે. પ્રમત્ત અને અપ્રમત્તદશામાં ઝૂલતા હોય છે. મુનિઓને રોગ હોય તો એને ખબર પડતી નથી. ઉપસર્ગો, પરિષહો બહારથી આવે છે. માથે સગડી મૂકે ત્યારે અંતરમાં ઉતરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. એ બહારનો સંયોગ આત્માને રોકતો નથી. અંદર શ્રેણી માંડીને કેવળજ્ઞાન થાય છે. બહારના કોઈ સંયોગો રોકતા નથી. છઠ્ઠે—સાતમે મુનિવરો ઝૂલતા હોય છે. પ્રમત્ત—અપ્રમત્ત—ઘડીક બહાર આવે અને અંતરમાં જાય. આનંદમાં ઝૂલતા હોય છે, રોગ ક્યાં? અને વેદના ક્યાં? એને ખ્યાલ નથી હોતો. અંતરમાં ડૂબી જાય છે. વળી એ બહાર આવે તો લક્ષ આવે તો આવે, અંતરમાં ડૂબી જાય. કોઈ રોકતું નથી. વળી રોકાય તો પુરુષાર્થની કચાશે. પોતાના પુરુષાર્થની ઉગ્રતા થાય તો એને કોઈ રોકે નહીં. જંગલમાં જાય. આત્માનું ધ્યાન કરે છે. શરીરની પરવા નથી. કાંઈ પરવા નથી. અંદરમાં ઉતરે અને શ્રેણી માંડી દે, કેવળજ્ઞાન પામે. આત્માને ક્યાં શરીર અને ક્યાં રોગ? કાંઈ નથી

અને આત્માના અભ્યાસ ઉપર બધું છે. અને પાછળ સ્વાનુભૂતિની પ્રાપ્તિ થાય-પ્રગટ દશા. ૩૧.

✻ પ્રશ્ન : મુનિધર્મ, ગૃહસ્થધર્મ અલગ અલગ ચીજ હૈ કે એક હી ચીજ હૈ?

● ઉત્તર : અલગ અલગ. (ચોથે ગુણસ્થાને) દ્રવ્યદૃષ્ટિ કરે એ મુક્તિનો માર્ગ છે. ચૈતન્યની દૃષ્ટિ, ચૈતન્યનું જ્ઞાન, ચૈતન્યની પરિણતિ. સ્વરૂપાચરણ ચારિત્ર હોય છે. વિશેષ ચારિત્ર બાકી રહી જાય. સમ્યગ્દર્શન હોય તો તે ગૃહસ્થાશ્રમમાં રહતા હોય. સમ્યગ્દર્શન હોવે તો ભી ઉસકો સ્વાનુભૂતિ ભી હોતી. મુનિદશા નહીં હોગી, મુનિ તો તબ હોતે હૈ ઈતની દશા બઢ જાતી હૈ. ક્ષણે અંતરમાં ક્ષણે બહાર, ક્ષણ ક્ષણમેં સ્વાનુભૂતિ હો જાય તબ મુનિદશા હોતી હૈ. ગૃહસ્થાશ્રમમાં ઐસી સ્વાનુભૂતિ નહીં હોતી. ઈસકો વળી અલ્પ રાગ, દ્વેષ, ગૃહસ્થાશ્રમકા કાર્ય, સબ રહતા હૈ. ઐસા વિકલ્પ રહતા હૈ. મુનિકો સબ છૂટ જાતા હૈ. અંતરકી દશા બઢ જાતી હૈ. મુનિકી પરિણતિ અને ગૃહસ્થની પરિણતિ બેઉની એક સરખી નથી હોતી. ૩૨.

✻ પ્રશ્ન : પરિણતિ જુદી હૈ?

● ઉત્તર : દશા વિશેષ હૈ મુનિકી. ૩૩.

✻ પ્રશ્ન : મુનિકી સ્થિરતા જ્યાદા હૈ? જલ્દી જલ્દી અંતરમેં જાતે હૈ?

● ઉત્તર : સ્થિરતા જ્યાદા હૈ, જલ્દી જલ્દી અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે, ભેદજ્ઞાન દોનોંકે હૈ પણ ઈસમેં લીનતા વિશેષ હૈ મુનિકી, સમ્યગ્દૃષ્ટિકી દશા ઐસી લીનતા નહીં હોતી. (મુનિ) જૈસી નહીં હોતી. બહારમેં કોઈ કાર્યમેં ઝુક જાતા હૈ. સ્વાનુભૂતિ કોઈ કોઈ વાર હોતી હૈ. મુનિ કો અંતર્મુહૂર્તે—અંતર્મુહૂર્તે સ્વાનુભૂતિ હોતી હૈ, જ્યાદા હોવે. ઈસકી દશા વિશેષ હૈ મુનિકી. જ્ઞેયકો જાણનેરૂપ પરિણતિ પ્રતિભાસિત..... જાણને કી પરિણતિ. પ્રતિભાસિત ઉપયોગ ઔર પરિણતિ; સહજ પરિણતિ દોનોં અલગ ચીજ હૈ. સહજ ભેદજ્ઞાન

રહતા હૈ. એ ઉપયોગ પરિણતિ નહીં. યહ તો સહજ દશા હૈ. ઉપયોગ જો રહતા હૈ વો ક્ષણ—ક્ષણમેં બદલતા હૈ. ૩૪.

❀ બહેનશ્રી : સ્વભાવની ગતિ પરિણતિ અપેક્ષાએ છે. બાકી તો મુનિઓની દશા હોય, સાધક હોય, જે ઉંચી દશા તેની શું વાત કરવી. મુનિ જંગલમાં એકલા આત્માનું ધ્યાન કરતા હોય. ક્ષણે—ક્ષણે સ્વરૂપમાં લીન થાય. પ્રમત્ત—અપ્રમત્ત દશામાં ક્ષણે ક્ષણે ક્યાંય; જેની નિંદ્રા પણ એક પોણી સેકન્ડ સામાન્ય હોય છે. ક્ષણે ક્ષણે સ્વરૂપમાં જાય એ એની દશાની શું વાત કરવી? એ સ્વરૂપની દશાની. એ અંતર આત્મામાં ઝૂલતા હોય. જે એક ચૈતન્ય ઘરમાં જ વસે છે. બહાર આવે છે તે નામમાત્ર બહાર આવે છે. બહાર આવ્યા અને અંદર જાય છે. અંતર્મુહૂર્તે—અંતર્મુહૂર્તે. એની દશાની શું વાત કરવી? આ તો સમ્યગ્દષ્ટિની અમુક દશા હોય તે. અનાદિકાળથી જે દશા પલટી ગઈ તેની અપેક્ષાએ જુદી દશા છે. એની કોઈ અચિંત્ય છે. એણે વિભાવદશાથી પલટો ખાધો એટલે એને જાત્યાંતર છે. એ એની સ્વાનુભૂતિની દશા જુદી. પણ મુનિઓની દશાની વાત કરે, એની તો સાધના કોઈ જુદી જ છે. કેવળજ્ઞાન લીધું છે કે લેશે એવી દશાઓમાં મુનિઓ વર્તતા હોય છે. જંગલમાં એકલા, કોઈ વાર ગામમાં આવે, આહારનો વિકલ્પ આવે. ભગવાનના દર્શન કરવા, જ્યાં મંદિરો હોય ત્યાં જાય, બાકી તો જંગલમાં વસતા હોય. ૩૫.

✻ શ્રોતા : ધર્મધ્યાન હોતા હૈ?

● ઉત્તર : ચોથામેં સત્સંગ હોતા હૈ, પણ લીનતા હૈ તબ ધર્મધ્યાનમેં હોતા હૈ પણ જો સંયમ કે સાથમેં જો ધર્મધ્યાન હોતા હૈ વો ધર્મધ્યાન નહીં. જો ચૌથે કે સાથમેં જો રહતા હૈ. સમ્યગ્દર્શન કે સાથમેં જો ધર્મધ્યાન ઈસકી એકાગ્રતા—ઐસી એકાગ્રતા રહતી હૈ ઔર સંયમ કે સાથમેં જો ધર્મધ્યાન રહતા હૈ વૈસા ધર્મધ્યાન નહીં રહતા હૈ. તો ઉસે તો સંયમ કે સાથ હોનેવાલા ધર્મધ્યાન હોતા હૈ. ઉપશમ શ્રેણી ચઢતે હૈ. સંયમ કે સાથ જો રહતા હૈ વૈસા ધર્મધ્યાન

રહતા હૈ. પણ જે પાછળ ગીરતા હૈ વૈસા જો સંયમ કે સાથમેં જો રહતા હૈ ધર્મધ્યાન વહ ધર્મધ્યાન નહીં રહતા. ચૌથે ગુણસ્થાનમેં રહનેવાલા ધર્મધ્યાન રહતા હૈ વૈસા જૈસી ચૌથેવાલેકી એકાગ્રતા હોતી હૈ વૈસી એકાગ્રતા હો જાતી હૈ. ૩૬.

* પ્રશ્ન : પહલેવાલે કો તો બિલકુલ (ધર્મધ્યાન) હોતા હી નહીં ઔર જો ગિરનેવાલા હૈ ઉસે ચોથેવાલે જૈસી એકાગ્રતા રહતી હૈ?

● ઉત્તર : ચૌથેવાલે કે એકાગ્ર હોતી હૈ, સ્વરૂપાચરણ ચારિત્ર જો રહતા હૈ ઉસકે સાથમેં જો એકાગ્રતા રહતી હૈ. વૈસી એકાગ્રતા હો જાતી હૈ, ઈસલિયે વો ગિરતે હૈ તો અંતર્મુહૂર્તે ગિર જાતે ......ઈસલિયે વૈસે ધર્મધ્યાન જો સંયમ કે સાથમેં વો જો છઠ્ઠે–સાતમે ગુણસ્થાનમેં રહનેવાલા, અંતર્મુહૂર્ત–અંતર્મુહૂર્ત અંતરમેં જાતે હૈ. ઔર બાહર આતે હૈ, ક્ષણ ક્ષણમેં વૈસે વો તો એકાગ્રતા બહોત હોતી હૈ. ઈસમેં જો શ્રેણી ચઢ ગયા તો વહ બહોત સ્વરૂપરૂપ પરિણતિ, બહોત સંયમ હો ગયા, (જો શ્રેણીએ પડતા હૈ ઉસે) ધર્મધ્યાન પણ બહોત પીછે છૂટ જાતા હૈ, વૈસી એકાગ્રતા છૂટ જાતી હૈ. ઈસલિયે વહ ચૌથે જૈસે હો જાતે હૈ. સંયમ વૈસે હો ગયા, સ્વરૂપાચરણ ચારિત્ર હો ગયા; છઠ્ઠે–સાતમે મુનિ જૈસી દશા હોની ચાહિયે વહ મુનિ જૈસી દશા નહીં રહતી ઈસલિયે ધર્મધ્યાન છૂટ જાતા હૈ સંયમ છૂટ જાતા હૈ એટલે ધર્મધ્યાન ભી છૂટ જાતા હૈ સમ્યગ્દર્શન કે સાથમેં જો ધર્મધ્યાન રહતા હૈ વૈસા ધર્મધ્યાન રહતા હૈ. ૩૭.

બોલો સદ્‌ગુરુદેવનો જય હો.
ભગવતી માતનો જય હો.